તા. ૦૨.૦૯.૨૦૨૪

ગુજરાત સમાચાર, પાના નં. ૦૨

અમદાવાદ-ગાંધીનગર અપડાઉન કરનારાને રાહત

# મોટેરાથી મહાત્મા મંદિર વચ્ચે ૧૬ સપ્ટેમ્બર બાદ મેટ્રો દોડશે

અમદાવાદ,રવિવાર

મોટેરાથી ગાંધીનગરના મહાત્મા મંદિર વચ્ચે સપ્ટેમ્બરના બીજા સપ્તાહથી મેટ્રો ટ્રેન દોડતી થઈ જશે. આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરના વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે ત્યારે તેમના દ્વારા આ રૂટનું ઉદ્‌ઘાટન કરવામાં આવશે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૬-૧૭ સપ્ટેમ્બરના ગુજરાત પ્રવાસમાં રૂટનો પ્રારંભ કરાવી શકે છે

ગત મહિનાના પ્રથમ સપ્તાહમાં જ કમિશ્નર ઓફ મેટ્રો રેલ સેફ્ટી (સીએમઆરએસ) દ્વારા આ રૂટનું ઈન્સ્પેક્શન હાથ ધરાયું હતું. ૧૫ ઓગસ્ટની આસપાસ જ આ રૂટનો પ્રારંભ નથી. પ્રાપ્ત વિગતો અનુસાર મહાત્મા મંદિરથી ગિફ્ટ સિટી વચ્ચેની મેટ્રો ટ્રેનની કામગીરી હજુ જારી છે અને તે રૂટ આ વર્ષના અંત સુધીમાં શરૂ થવાની સંભાવના હાલ નહિવત્ છે.

મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગરના સેક્ટર-૧ (ઈન્દ્રોડા સર્કલ)ના ફેઝ-રની ટ્રાયલ ફેબ્રુઆરીમાં જ પૂરી કરી દેવાઈ હતી. જેના માટે નર્મદા કેનાલ ઉપર 300 મીટરના કેબલ બ્રિજનું પણ નિર્માણ કરાયું છે. ફેઝ-રમાં કુલ ૨૮.૨૪ કિલોમીટરનો રૂટ છે. જેમાં ૨૨.૮૪ કિલોમીટર મોટેરાથી મહાત્મા મંદિર કોરિડોર, ૫.૪૨ કિલોમીટર મંદિર-જીએનએલયુ-ગિફ્ટ સિટી કોરિડોરનો સમાવેશ થાય છે. મોટેરાથી મહાત્મા મંદિર વચ્ચે કુલ ૨૦ જ્યારે અને જીએનએલયુ-ગિફ્ટ સિટીના બે સ્ટેશન હશે.

### મોટેરાથી મહાત્મા મંદિર સુધીમાં કયા સ્ટેશન આવશે...

કોટેશ્વર રોડ, વિશ્વકર્મા કોલેજ, તપોવન સર્કલ, નર્મદા કેનાલ, કોબા સર્કલ, જૂનું કોબા, કોબા ગામ, જીએનએલયુ, પીડીપીયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોળા કુવા સર્કલ, ઈન્ફોસિટી, સેક્ટર-૧, સેક્ટર-૧૦એ, સચિવાલય, અક્ષરધામ, જૂનું સચિવાલય, સેક્ટર-૧૬, સેક્ટર-૨૪, મહાત્મા મંદિર.